# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2024** **Morning : 7.10 to 7.20**

**Day: SATURDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.**

---

- મુખ્ય ચૂંટણી કમિશ્નરે પસંદ કરેલા જીલ્લાઓના શહેર કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો.
- રાજ્યમાં આગામી લોકસભા ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવાનો દર 4.5 ટકા રહે તેવી સંભાવના વ્યક્ત કરી છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઉંઝાં તાલુકાની ચાર ફેક્ટરીમાં દરોડા પાડી બનાવટી જીરૂ અને વરિયાળીનો મોટો જથ્થો જપ્ત કરાયો છે.
- નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન - દ્વારા આગામી દિવસોમાં લેવાનારી વિવિધ પરીક્ષાઓની તારીખ જાહેર કરાઇ.
- રાજયમાં આગામી પાંચ દિવસ ગરમી વધવા સાથે વરસાદની સંભાવના.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NEW-ECI--MEETING

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમારે મતદાનની ટકાવારી વધારવા માટે પસંદ કરેલા જીલ્લાઓના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓને દર મતદાન કેન્દ્ર દીઠ કાર્યયોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. તેમણે શહેર અને ગ્રામીણ વિસ્તારો માટે જુદી- જુદી કાર્યનિતી બનાવવાનું કહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશ્નરે નવી દિલ્હીમાં ગઇ વખતની ચૂંટણી દરમિયાન મતદારોની ભાગીદારી ઓછી હતી, તેવા 11 રાજ્યોના નિગમ કમિશ્નરો અને ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારીએ, મતદારો, લોકતંત્રના મહાપર્વ ચૂંટણીમાં ભાગ લેવા બદલ ગૌરવ અનુભવે તે રીતે કામ કરવાનું અધિકારીઓને કહ્યું.. તેમણે કહ્યું કે, ગયા વખતની ચૂંટણી વખતે ઓછું મતદાન થયું હોય તેવા 215 ગ્રામીણ અને 51 શહેરી સંસદીય ક્ષેત્રો અલગ તારવવામાં આવ્યા છે, ત્યાં મતદારો સક્રિયપણે ભાગ લે તેવા પ્રયાસો કરવામાં આવશે, તે માટે મતદાન કેન્દ્રો પર સગવડો વધારવી, મતદારો સુધી પહોંચવાના લક્ષ્યાંકને પાર પાડવું તેમજ લોકોને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ પક્ષોને સામેલ કરવા જેવી ત્રણ સૂત્રની નિતી પર ભાર મૂકવામાં આવશે.

આ બેઠકમાં દિલ્હી, મુંબઇ, અમદાવાદ, ચેન્નાઇ, બેંગ્લુરૂ, હૈદરાબાદ, પૂના, થાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના નિગમના કમિશ્નરો તેમજ બિહાર અને ઉત્તરપ્રદેશના કેટલાક જીલ્લાઓના ચૂંટણી અધિકારીઓએ ભાગ લીધો હતો. કર્ણાટક, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિળનાડુ, તેલંગાણા અને પંજાબના મુખ્યચૂંટણી અધિકારીઓએ આ બેઠકમાં વર્ચુઅલી ભાગ લીધો હતો.

-----------------------------------------------------------------

-રીપીટ

# Voter Registration Officer RAJKOT

રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024માં વધુમાં વધુ મતદાન થાય તે માટે જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

લોકસભા સામાન્ય ચૂંટણી 2024 સંદર્ભે જેતપુર વિધાનસભામાં મતદાન વધારવા, મતદાનનું મહત્વ સમજાવવા તથા મહિલા મતદારોની મતદાનમાં ભાગીદારી વધે તે માટે મતદાર નોંધણી અધિકારી અને રાજકોટ નાયબ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ દરમ્યાન બી.એલ.ઓ દ્વારા પોતાના વિસ્તારોમાં ઘરે-ઘરે મુલાકાત લઇ મહિલાઓને ખાસ મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી તથા ચુનાવી પાઠશાળા કાર્યક્રમ યોજી અને સંકલ્પ પત્ર વિતરીત કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ સાથે જ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં જિલ્લામાં નોંધાયેલા દરેક મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં જોડાઈ તે માટે “સ્વીપ” પ્રવૃતિ અંતર્ગત “મતદાર જાગૃતિ” સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

આ ઉપક્રમે જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં જસદણ તાલુકાના આટકોટ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલા મતદારો હાજર રહ્યા હતા. અને મહિલાઓને મતદાન કરવા જવા માટે અપીલ કરવામાં આવી હતી

આ સાથે વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગમાં કુચિયાદડ ગામ અને ઘંટેશ્વર ખાતે મતદાન કરવા માટે ગામલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. લોકશાહીને સશકત કરવા માટે મતાધિકારનો સમજપૂર્વક ઉપયોગ કરવાની જાણકારી આપી હતી.

---

-પીટીસી, રાજકોટ, રિદ્ધિ -(નવીન)

# Morbi Election Officer k b Zaveri

મોરબીના સિરામીક એસોસીએશન હોલમાં જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર k b Zaveri ના અધ્યક્ષ સ્થાને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો “હું અવશ્ય મતદાન કરીશ” આ કાર્યક્રમ માં ભાગ લઈ તમામ ઉપસ્થિત અગ્રણીજનોએ શપથ ગ્રહણ કર્યા હતા.

લોકશાહીના સૌથી મોટા પર્વ માં સૌ કોઈ સહ ભાગી બને તે માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર k b Zaveri આ અપીલ કરી.

(બાઇટ મોરબી ચુંટણી અધિકારી અને કલેક્ટર k b Zaveri)

---------------------------------------------------------------------

-પીટીસી, મોરબી, દિપીકા -(નવીન)

# Patan Shatayu voters

પાટણ જિલ્લાના કલેકટરે શતાયુ મતદારોને પ્રોત્સાહિત કરવા માટે ઘરે ઘરે જઈ મુલાકાત કરી હતી. જિલ્લામાં 100 ટકા મતદાન થાય તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર હાલ કાર્ય કરી રહ્યું છે. યુવા મતદારોથી લઈને જે લોકો પ્રથમવાર મત કરવાના છે તેમજ વયોવૃદ્ધ મતદારો સુધી કોઈને મતદાન કરવામાં કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે અને શાંતિમય વાતાવરણમાં મતદાનની પ્રક્રિયા સંપન્ન થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

અમારા પાટણના જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લા ચૂંટણી અધિકારીએ શતાયુ મતદારો સાથે વાતચીત કરી તેમની જીવનશૈલી જાણી તેઓને સાલ અને સન્માનપત્ર આપીને પ્રોત્સાહિત પણ કર્યા હતા.

---

-પીટીસી, પાટણ, રિદ્ધિ -(નવીન)

# Election campaign

રાજયમાં આગામી લોકસભા ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી સંદર્ભે રાજકીય ગતિવિધીઓ તેજ બની છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં ગઇકાલે પાટણ ખાતે લોકસભાના બુથ પ્રમુખ, શક્તિ કેન્દ્રના સંયોજક તથા કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ઉપસ્થિત કાર્યકરોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શ્રી પાટીલે, કાર્યકર્તાઓને વિશેષ કાર્ય યોજના બનાવી ચૂંટણીમાં વિજય માટે હાકલ કરી હતી.

આ પ્રસંગે કોંગ્રેસના હર્ષુભાઈ ગોકલાણી સહિત અને કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. શ્રી પાટીલે ખેસ પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું.

દરમિયાન કોંગ્રેસ ગઇકાલે લોકસભા ચૂંટણી માટેનું ઘોષણાપત્ર જાહેર કર્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા મનિષ દોશીએ ચૂંટણી ઢંઢેરા અંગે આ મુજબ પ્રતિક્રિયા આપી હતી.

(બાઇટ મનિષ દોશી)

---

-પીટીસી, પાટણ નિકીતા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# ECI-FAKE-MESSAGE

ભારતીય ચૂંટણી પંચે વોટ્સએપ પર ફરી રહેલા 15 લાખ EVM ગાયબ હોવાના સંદેશાઓ ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે.

સોશિયલ મીડિયાના માધ્યમ થી પંચે જણાવ્યું છે કે આ દાવો ભ્રામક અને નકલી છે. કોઈ EVM ગુમ નથી થયા અને સર્વોચ્ચ અદાલતે પણ EVM ગુમ થયા હોવા અંગેની અરજીઓ ફગાવી દીધી છે. ચૂંટણી પંચે અધિકૃત માહિતી માટે લોકો ને પંચની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવા કહ્યું છે.

---------------------------------------------------------------------

-પુલ, કરણ -(નવીન)

# REV-RBI-MONTHLY-RBI-POLICY

આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવાનો દર 4.5 ટકા રહે તેવી સંભાવના વ્યક્ત કરી છે. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે ગઇકાલે યોજાયેલી બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, એપ્રિલ-2022માં ફૂગાવાનો દર 7 પોઇન્ટ 8 ટકા હતો, તેની સરખામણીએ ફૂગાવાના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, હાલની સરકારનું ફૂગાવાન  દરનું લક્ષ્યાંક ચાર ટકા છે, તે મુજબ, હજુ પણ તે વધારે કહી શકાય.

રિઝર્વ બેન્કની નાણાંકીય નિતી સમિતીએ સતત સાતમી વાર રેપોરેટમાં કોઇ જ ફેરફાર નથી કર્યો. રિઝર્વ બેન્કના ગર્વનર શક્તિકાંત દાસે ગઇકાલે દ્વિમાસિક નાણાંનિતીની જાહેરાત કરી અને રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રાખ્યો.

તેમણે કહ્યું કે, નાણાંકીય વર્ષ 2024-25માં જીડીપી દર સાત ટકા રહે તેવી શક્યતા છે. પહેલા ત્રિમાસિક ગાળામાં તે 7 પોઇન્ટ એક ટકો, બીજા ત્રિમાસિક ગાળામાં છ પોઇન્ટ 9 ટકા અને ત્રીજા અને ચોથા ત્રિમાસિક ગાળામાં તે સાત ટકા રહે તેવી ધારણા છે.

રિઝર્વ બેન્કના ગર્વનરે કહ્યું છે કે, 29મી માર્ચ, 2024ના રોજ ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર, 645 અબજ 60 કરોડ ડોલર પર પહોંચી ગયો છે, જે અત્યાર સુધીમાં સૌથી વધારે છે. તેમણે કહ્યું કે, ગયા નાણાંકીય વર્ષમાં વિશ્વના મુખ્ય ચલણોમાં રૂપિયો સૌથી વધારે સ્થિર રહ્યો

----------------------------------------------------------------------

-રીપીટ

# RAID

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગર અને મહેસાણા દ્વારા સંયુક્ત રીતે ઉઝાં તાલુકાના ઉનાવા, ઐઠોર અને મકતુપુર ગામોમાંની ચાર ફેક્ટરીમાં દરોડા પાડી બનાવટી જીરૂ અને વરિયાળીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

ખોરાક-ઔષધ નિયમનતંત્રના કમિશનર ડો.એચ.જી.કોશિયાના જણાવ્યા મુજબ તાજેતરમાં ઉપરોક્ત વિસ્તારની જીરૂ-વરિયાળી કલિનીંગ – શોર્ટિંગ કરતી વિવિધ ફેકટરી તથા ગોડાઉનમાં ઓચીતી તપાસ હાથ ધરવામાં આવતા અખાદ્ય લીલોકલર સહિત 12 હજાર 300 કિલોનો જથ્થો જપ્ત  કરવામાં આવ્યો છે. અને શંકાસ્પદ નમૂના લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

આ નમૂનાના પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

---

-ચાદી, નિકીતા -(રમેશ)

# N.B.A.

નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન NBA દ્વારા આગામી દિવસોમાં લેવાનારી વિવિધ પરીક્ષાઓની તારીખ જાહેર કરાઇ છે. જે મુજબ PG નીટ પરીક્ષા આગામી 23 જૂને લેવાશે.

એમ-ફાર્મ પરીક્ષા 8મી જૂને, FMEG પરીક્ષા 6 જુલાઇએ, DMB પોસ્ટ ડીપ્લોમા પરીક્ષા 21 જુલાઇ અને ડિપ્લોમા ઇન ફાર્મસી એકઝીટ પરીક્ષા 5 અને 6 ઓકટોબરે લેવાશે.

ઉલ્લેખનીય છે કે, PG ફાર્મસી અને એમ.ફાર્મ.માં પ્રવેશ માટેની પરીક્ષા રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા લેવાતી હતી જે હવેથી નેશનલ બોર્ડ ઓફ એકઝામિનેશન દ્વારા લેવાશે.

---------------------------------------------------------------------

-ન્યુઝપેપર, નિકીતા -(નવીન)

# weather

રાજયમાં છેલ્લા થોડા દિવસમાં તાપમાનમાં ઘટાડો નોંધાતા ગરમીમાં રાહત મળી છે. જો કે, હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં તાપમાનમાં વધારા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયમાં આગામી 6 દિવસ ગરમીમાં વધારો થવાની સંભાવના છે. ત્યારે આગામી 10 અને 11 એપ્રિલે વરસાદની આગાહી કરવામાં આવી છે.

વેસ્ટર્ન ડિસ્ટબન્સને કારણે પ્રિ-મોન્સુન એકટીવીટી શરૂ થતા વરસાદની શકયતા છે. આગામી 10 તારીખે દાહોદ, છોટા ઉદેપુર અને નર્મદા તથા 11 તારીખે સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં વરસાદની સંભાવના છે.

દરમિયાન ગઇકાલે સૌથી વધુ 39 ડિગ્રી મહત્તમ તાપમાન રાજકોટ ખાતે નોંધાયું છે. આ સાથે અમરેલી, સુરેન્દ્રનગર અને મહુવા ખાતે 38, વડોદરા, સુરત અને ભાવનગર 37, અમદાવાદ, ગાંધીનગર અને વલસાડમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જે સામાન્ય કરતાં 1 થી 2 ડિગ્રી ઓછું છે.

---------------------------------------------------------------------

-આઈએમડી, નિકીતા -(નવીન)

# Governor Acharya Devvrat

ઓસ્ટ્રેલિયાના હાઇકમિશનર ફિલિપ ગ્રીન તેમજ મુંબઈ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફી અને પ્રતિનિધિ મંડળે ગઈકાલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે ગિફ્ટસિટીમાં કાર્યરત ઓસ્ટ્રેલિયાની ડીકેન યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને અન્ય બાબતોની પણ આ બેઠક દરમિયાન ચર્ચાઓ કરતા કહ્યું હતું કે, ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યુનિવર્સિટી શરૂ કરનાર ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ છે.

ઓસ્ટ્રેલિયા ગ્રીન એનર્જી અને રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વિકાસ કરી રહ્યું છે. ગુજરાત સાથે ઊર્જા ક્ષેત્રમાં પણ સહયોગ વિકસાવવા ઓસ્ટ્રેલિયા તત્પર છે. ભવિષ્યમાં ઓલિમ્પિક્સને લઈને પણ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે વિશેષ આદાન-પ્રદાનની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી.

---

-માહિતી, રિદ્ધિ -(નવીન)